ગાંધીનગર સમાચાર
તા. ૨૦-૨-૨૦૧૫, શુક્રવાર

## તંત્રી સ્થાનેથી....

### પ્રશંસનીય 'ડેમેજ કંટ્રોલ' કવાયત

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ પોતે ગુજરાતના મુખ્યમંત્રીપદે હતા ત્યારે એક પ્રશંસનીય શિરસ્તો પાડ્યો હતો. પોતાને વિવિધ કાર્યક્રમો અને પ્રસંગોએ મળેલ ભેદસોગાદ તેઓ અંગત માલિકીની ન ગણતાં પ્રજા હિત માટે સમર્પિત કરવા લાગ્યા. 'તોશખાના' એ મોગલ સામ્રાજય સમયનો આવી કીમતી જણસો સાચવવા માટેના ભંડાર માટે વપરાતો શબ્દ છે. રાજયના તોશાખાનામાં પોતાને અંગત સન્માન સ્વરૂપે સાંપડેલ મૂલ્યવાન ચીજવસ્તુઓ જમા કરાવવા માટે 'છપ્પનની છાતી' નહીં તો દરિયા જેવડું દિલ તો જોઈએ જ. નરેન્દ્ર મોદીએ બાળવયની જ મોહમાયાનો ત્યાગ કરેલ હોઈ એમને આવો નવો ચીલો ચાતરવાની પ્રેરણા મળી હશે. એમણે વિવિધ પ્રસંગોએ પ્રાપ્ત થયેલ ભેટસોગાદો તોશાખાનામાં જમા કરાવી એટલું જ નહીં, એ ચીજવસ્તુઓની સમયાંતરે જાહેર હરાજી કરાવીને પ્રાપ્ત થયેલ રકમ કન્યા કેળવણી જેવા ઉદાત્ત હેતુ માટે સમર્પિત કરી. એમના આ વર્તનની પ્રેરણા લઈને તેમનાં અનુગામી મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે પણ પોતાને મળેલ ભેટસોગાદોની હરાજી કરાવી એમાંથી મળેલ રકમ કન્યા કેળવણીના પુનિત કાર્યમાં વાપરવાની પરંપરા જાળવી રાખી છે. સુરત ખાતે તાજેતરમાં આવી હરાજી યોજાઈ ત્યારે સૌથી વધારે ધ્યાન ખેંચનારી જણસ હતી ગત પચીસમી જાન્યુઆરીએ વડાપ્રધાને અમેરિકી રાષ્ટ્રપતિ બરાક હુસેન ઓબામા સાથેની મુલાકાત વેળાએ ધારણ કરેલો વિશિષ્ટ અને તથાકથિત 'વિવાદાસ્પદ' સૂટ. હરાજી હજુ ચાલુ છે, જે આજે શુક્રવાર સુધી ચાલશે ત્યારે એની જે છેલ્લામાં છેલ્લી ઊંચી બોલી બોલાશે એને તે સુપરત કરાશે. હરાજીથી પ્રાપ્ત થયેલ રકમ 'ગંગા સફાઈ અભિયાન'ને સુપરત કરાશે. મોદીઓ ઓબામા સાથે 'ચાય પર ચર્ચા' વખતે પહેરેલા આ કોટ વિદેશમાં તૈયાર કરાયો હોવાનું કહેવાય છે એના પર જે લાઈનિંગ હતી તેમાં જરા ઝીણી નજરે જોતાં સોનાના અક્ષરે લખેલ 'નરેન્દ્ર દામોદરદાસ મોદી' વાંચી શકાય છે. તે સમયે મીડિયામાં આ કોટને ઘણી પ્રસિદ્ધી સાંપડી હતી અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની 'આત્મરતિ'ના પ્રત્યશ્ર પ્રમાણ તરીકે એની આકરી ટીકા ટિપ્પણી પણ થઈ હતી. (એથી દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં નુકશાન પણ થયું હશે.) અંગ્રેજીમાં નારસિસસની દંતકથા આવે છે. પોતાનું જ પ્રતિબિંબ નિહાળી નિહાળી રાજી રાજી થતાં દંતકથાના નાયક સાથે સરખાવી વડાપ્રધાન મોદી પણ આવી 'નારસિસમ' ગ્રંથિ ધરાવતા હોવાની ટીકા પ્રબુદ્ધ પત્રકાર - લેખકોથી માંડી પ્રતિસ્પર્ધી રાજકારણીઓ સુધી વિસ્તરી હતી. મોદીના આ મોનોગ્રામ કોટની કિંમત દસ લાખ જેટલી અકાઈ હતી. રાહુલ ગાંધીથી લઈ આમ આદમી પાર્ટીના કેજરીવાલ જેવા નેતાઓએ જાહેર સભાઓમાં મોદી સામે નિશાન તાકવા માટે નિમિત્તરૂપ બનેલો આ મોંઘામૂલો 'બદનસીબ' સૂટ હવે સુરતમાં ખુલ્લી હરાજીમાં વેચવા માટે મુકાયો છે. અનેક રાજકીય અગ્રણીઓ મોદીના પૂતળાને પહેરાવેલ સૂટ સાથે 'સેલ્ફી' લઈ રહ્યા છે. જેમાં સુરત અને નવસારીના ચૂંટાયેલા સાંસદોનો પણ સમાવેશ થાય છે. પહેલા જ દિવસે આ સૂટની હરાજીનો આંકડો અગિયાર લાખની બેઝ પ્રાઈઝ ઓળંગી પચાસ લાખથી શરૂ થઈ એક કરોડ એકવીસ લાખના આંકડે પહોંચી ગયો. રમેશ વીરાણી નામના બિઝનેશમેન 'નમો'ને પોતાના પુત્રના લગ્ન પ્રસંગે નિમંત્રણ આપતાં આ સૂટ ભેટ આપ્યો હતો. નમોએ પહેરીને વીરાણી પુત્રના રિસેપ્શનમાં તો ન જઈ શક્યા, પરંતુ ઓબામા સાથેની ઐતિહાસિક મુલાકાત વેળાએ એનો સદુપયોગ કરીને એનું વળતર વાળી દીધું! સુરતના બિઝનેશમેનો વચ્ચે આ નમો - જણસ હાંસલ કરવા માટે હોડ મચી છે. રાજુ અગ્રવાલે એકાવન લાખમાં ખરીદવાની તૈયારી દર્શાવી તે પછી સુરેશ અગ્રવાલે એક કરોડ અને એનઆરઆઈ બિઝનેશમેન વિરલ ચોકલીએ એક કરોડ એકવીસ લાખ પર ઊંચકી મોદીનો મહિમા વધાવી મૂક્યો છે. ગુરુવાર બપોર સુધીમાં સવા કરોડ પર પહોંચેલો આંકડો હજી વધીને દોઢ-બે કરોડે પહોંચે તો કોઈને નવાઈ નહીં લાગે. એક રીતે જોઈએ તો આ વડાપ્રધાનને વહાલા થવા માટેની કરોડપતિ શુભેચ્છાઓની હોડ છે, બીજી દૃષ્ટિએ જોતાં જયારે આ રકમ 'ગંગા સફાઈ અભિયાન' માટે દાનમાં આપી દેવાની છે તો એ આવકારદાયક બાબત ગણાવી જોઈએ. પરંતુ હકીકતમાં કોંગ્રેસના પ્રવક્તા અજય માકન કહે છે એમ આ મોદીના ફળદ્રુપ ભેજાની શોધી કાઢેલી 'ડેમેજ કંટ્રોલ' કવાયત છે. પ્રતિકૂળતાને અનુકૂળતામાં ફેરવવાની અદ્‌ભુત કળા મોદીને વરેલી છે.

# રાષ્ટ્રીય વિજ્ઞાન દિન નિમિત્તે આંતર શાળા વકતૃત્વ સ્પર્ધા યોજાઈ


## નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા સે. ૫ની પ્રેરણા વિદ્યાલયમાં ડિબેટ કોમ્પીટીશનનું આયોજન કરાયું : જુદી જુદી શાળાના ૩૦ વિદ્યાર્થીઓએ ભાગ લઈ રસપ્રદ વ્યક્તવ્યો રજુ કરાયાં

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર સે. ૨૩માં આવેલ નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા ગુજરાત કાઉન્સીલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજીના સંયુકત ઉપક્રમે તા. ૧૯મી ફેબ્રુઆરીએ સે. ૫ ખાતે પ્રેરણા વિદ્યાલયમાં ડિબેટ કોમ્પીટીશન યોજવામાં આવી હતી. આ ડિબેટ કોમ્પીટીશન તા. ૨૮મી ફેબ્રુઆરીએ રાષ્ટ્રીય વિજ્ઞાન દિન-૨૦૧૫ના સંદર્ભે યોજવામાં આવી હતી. જેમાં ૩૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.



આ ડિબેટ કોમ્પીટીશનમાં પ્રતિસ્પર્ધીઓએ 'વૈજ્ઞાનિક વિચારધારા અને રાષાટ્રનો વિકાસ' વિષય પર ચર્ચા કરી હતી અને પોતાની દલીલો પ્રસ્તુત કરી હતી. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન પદે નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટરના મેનેજીંગ ટ્રસ્ટી અનિલભાઈ પટેલ, જીપીસીબીના નિવૃત્ત પીઆરઓ નરેશભાઈ ઠાકર તથા પ્રેરણા વિદ્યાલયના આચાર્ય મનિષભાઈ ખત્રી ઉપસ્થિત રહ્યા હતા. સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ વૈજ્ઞાનિક વિચાર ધારા દ્વારા રાષ્ટ્રનો વિકાસ કેવી રીતે થઈ શકે તે અંગે રસપ્રદ તારણો રજુ કર્યા હતા. વિદ્યાર્થીઓએ જાપાન અને ચીન જેવા દેશોએ ટેકનોલોજીના




ઉપયોગ થકી ક્રાંતિ સર્જી છે તેના ઉદાહરણ સાથે તેમના વિચારો વ્યક્ત કર્યા હતા. આ સ્પર્ધામાં પ્રથમ ક્રમે સે. ૮ની સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલના નિનાદ ઠક્કર, દ્વિતિય ક્રમે સે. ૨૩ની જે.બી. પ્રાયમરી સ્કૂલના જીનલ પટેલ તેમજ તૃતીય ક્રમે સેન્ટ ઝેવિયર્સના અનિકેત જોષી વિજેતા બન્યા હતા. વિજેતા સ્પર્ધકોને પ્રમાણપત્રો તેમજ રોકડ ઈનામથી નવાજવામાં આવ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે ભારતના મહાન વૈજ્ઞાનિક ડૉ. સી.વી. રામને કરેલી રામન કિરણોની શોધને કારણે તેમને સર્વોચ્ચ સન્માન નોબલ પારિતોષિક આપવામાં આવ્યું હતું. ત્યારથી તા. ૨૮મી ફેબ્રુઆરીને રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ તરીકે ઉજવવામાં આવે છે. નિસર્ગ કોમ્યુનિટી સેન્ટર દ્વારા આયોજિત આ ડિબેટ કોમ્પીટીશનને સફળ બનાવવા સંસ્થાના કો-ઓર્ડિનેટર હાર્દિક મકવાણા, શિવાંગ પટેલ તેમજ પ્રેરણા વિદ્યાલયના શિક્ષક સંજય પરમારે ભારે જહેમત ઉઠાવી હતી.

### પુરૂષ ક્રિકેટ ટુર્નામેન્ટના પરિણામ

ચ-૩ સર્કલ પાસે સ્પોર્ટસ ઓફ ઈન્ડિયા દ્વારા સરદાર પટેલ સ્પોર્ટસ ઓપન ચેમ્પિયનશીપ ગેમ્સ યોજાઈ રહી છે. જેમાં પુરૂષ ક્રિકેટ ટુર્નામેન્ટમાં આજે સી.એફ.સી. ટીમ સામે યુવરાજ ઈલેવન, સાઈ ચેલેન્જર્સ સામે ટી-૨૦ ટીમ, ખોડિયાર ઈલેવન સામે ઉમાવંશી લાયન, ઠાકોર ઈલેવન સામે એસ.સી. ઈ.ટી. સ્ટ્રાઈકર્સ હિરોઝ સામે ગુજરાત સ્ટ્રાઈકર્સ, નાઈટ વોરિયર્સ સામે લગાન ઈલેવન અને થ્રીડી ઈલેવન સામે કમાન્ડો ઈલેવન વિજેતા બની છે.

### ફાધર લોબો ટ્રોફીના વિજેતા ખેલાડીઓનું સન્માન કરાયું

ગાંધીનગર, તા. ૧૯

ધી સેન્ટ્રલ ઓફ ક્રિકેટ અમદાવાદ દ્વારા ફાધર લોબો ટ્રોફી યોજવામાં આવે છે. તાજેતરમાં જ આ ટ્રોફીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં હિરામણી સ્કૂલની અંડર-૧૪, અંડર-૧૬ એ અંડર-૧૯ ટીમ ચેમ્પિયન બની હતી. ત્યારે તમામ ટીમના ખેલાડીઓ અને અન્ય રમતોમાં રાજય અને રાષ્ટ્રીય કક્ષાએ સિદ્ધિ મેળવેલ ખેલાડીઓનું સન્માન કરવામાં આવશે. હીરામણી સ્કૂલ સાંસ્કૃતિક સભાગૃહ ખાતે તા. ૨૧ ફેબ્રુઆરી શનિવાર સવારે ૧૦.૦૦ વાગે ક્રિકેટર પાર્થિવ પટેલના હસ્તે સન્માન કરવામાં આવશે.

### આજે સેકટર-૨-બીમાં આનંદનો ગરબો

ગાંધીનગર, તા. ૧૯

ભાવનાબેન ગોકલાણીના મધુર કંઠે આનંદનો ગરબો આજરોજ શુક્રવારે બપોરે ૧.૦૦ થી ૫.૦૦ દરમિયાન જ્યોતિબેન દેસાઈના નિવાસસ્થાન પ્લોટ નં. ૧૪૨૪/૨ સેકટર-૨-બી ખાતે યોજાશે. જેમાં સવારે ૧૧.૩૦ થી ૧૨.૩૦ સુધી પ્રભુનો પ્રસાદ વિતરણ કરાશે તેમજ સાંજે ૫.૩૦ કલાકે શોભાયાત્રા નિકળશે.

## હરિની દૃષ્ટિ...




વત્સ,મે કેવી ઘોર તપસ્યા કરી છે તે કહું.. સતત ત્રણ વર્ષ મેં ફેસબુક, વોટ્સએપ... મોબાઈલ, ઇન્ટરનેટ વગર વીતાવ્યા પછી મને જ્ઞાન થયું...!!

### આજે નર્સિંગ કોલેજમાં વૈકલ્પિક અને પૂરક આરોગ્ય સેવાઓ અંગે વર્કશોપ યોજાશે

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગરના સે. ૧૨માં સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સિંગમાં તા. ૨૦મી ફેબ્રુઆરીએ સવારે ૯ થી સાંજના ૫ વાગ્યા દરમ્યાન વૈકલ્પિક અને પૂરક આરોગ્ય સેવાઓ અંગે રાજ્યકક્ષાના વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. આ વર્કશોપનું ઉદ્‌ઘાટન કડી સર્વ વિશ્વ વિદ્યાલયના પ્રેસિડેન્ટ વલ્લભભાઈ પટેલના હસ્તે કરવામાં આવશે.

આ વર્કશોપમાં ગુજરાત નર્સિંગ કાઉન્સિલના રજીસ્ટ્રાર કુ.જે.એસ. પાટીદાર અતિથિ વિશેષ પદે ઉપસ્થિત રહેશે. આ વર્કશોપમાં સ્પર્ધકો દ્વારા વૈકલ્પિક અને પૂરક આરોગ્ય સેવાઓ અંગે વિવિધ સંશોધન પત્રો રજુ કરાશે. તેમજ સોવેનિયરનું વિમોચન પણ કરવામાં આવશે. આ સેમિનારમાં લકુલીશ યુનિવર્સિટીના પ્રાધ્યાપક ડૉ. સી. નાગરાજ અને લેક્ચર વિરલ રાવલ પણ ઉપસ્થિત રહી અનુક્રમે અલ્ટરનેટિવ મેડીકલ સીસ્ટમ અને મેનીટ્યુલેટિવ એન્ડ બોડી બેઝડ ટ્રીટમેન્ટ અંગે તેમના વિચારો પ્રસ્તુત કરશે. બપોર પછીના સેશનમાં ફિઝીયોથેરાપીસ્ટ ડૉ. હાર્દિક દ્વારા એનર્જી થેરેપી, જીએમઈઆરએસના સાઈકલાટ્રી ડિપાર્ટમેન્ટના પ્રા. ડૉ. ભાવેશ લાકડાવાલા, માઈન્ડ બોડી ટેકનિક અને જીનેરાના પ્રિન્સીપાલ ભારતી સાણંદિયા દ્વારા વૈકલ્પિક અને પૂરક થેરેપીનો નર્સિંગ વ્યવસાયમાં ઉપયોગ સંદર્ભે વ્યક્તવ્ય પ્રસ્તુત કરશે.

### નાગર પરિષદ અંબાજીમાં રાત્રિ પૂજા કરશે

ગાંધીનગર, તા. ૧૯

અરવલ્લીની ગિરીમાળાઓ વચ્ચ બિરાજેલ અંબાજી માતાના મંદિર અંબાજી ખાતે સમગ્ર ગુજરાત નાગર પરિષદ દ્વારા પૂજા કરવામાં આવશે. તા. ૧૦ થી ૧૪ એપ્રિલ દરમિયાન રાત્રે ૯ થી ૧૨ કલાક દરમિયાન નાગર પરિષદ દ્વારા પૂજા-અર્ચન કરવામાં આવશે. રાત્રિ પૂજામાં ભાગ લેવા માટે નાગર જ્ઞાતિજનને નામ નોંધણી કરાવવા જણાવવામાં આવ્યું છે.




મોસમ છલકે : નગરની જાણીતી સાંસ્કૃતિ સંસ્થા શિવરંજની દ્વારા મોસ છલકે શીર્ષક હેઠળ ગુજરાતી ગીત સંગીતનો કાર્યક્રમ યોજાયો હતો. જાણીતા યુવા કલાકારો આલાપ દેસાઈ, પ્રહર વોરા અને હિમાલી વ્યાસ દ્વારા લોકપ્રિય ગુજરાતી ગીતો રજૂ કર્યા હતા.

# સમાજ ચાર વર્ણોમાં વહેંચોયેલો હોવા છતાં - ક્રોધ ન કરવો, સત્યભાષણ, અતિથિ આદિનો અન્નભાગ આપવો, ક્ષમા, બાહ્ય પવિત્રતા, સરળતા, પોષ્યવર્ગનું પોષણ, પોતાની પત્ની વિશે પ્રજોત્પતિ અને દ્રોહ ન કરવો આ નવ સર્વ લોકો માટેના સાધારણ ધર્મો (કર્મો) હતા

## માહિતી પૂંજ

છબાભાઈ પટેલ

● **મહાભારતમાં પ્રતિબિંબિત થતો સમાજ**

કોઇ પણ સમયમાં સાહિત્ય, ઇતિહાસ કે તે સમયમાં થયેલા લખાણોમાં જે તે સમયમાં પ્રવર્તતી સમાજ વ્યવસ્થાનું પ્રતિબિંબ પડતું હોય છે. મહાભારત રૂપી મહાન ગ્રંથમાં પણ જે તે સમયના અને તે પહેલાંના સમાજનું દર્શન થાય છે. તેમાં આપેલા આખ્યાનો અને ઉદાહરણોમાં એકલા મહાભારત કાળનું જ નહિ પણ તે અગાઉના સમયની સમાજ વ્યવસ્થાનું આછું દર્શન થાય છે. મહાભારતમાંથી મહાભારત કાળ પહેલાંના સમાજનું ચિત્ર સચોટપણે અલગ તારવવું મુશ્કેલ છે. કેમ કે મહાભારતકાળ પહેલાં અસ્તિત્વમાં હતા તેવા વ્યક્તિઓનો ઉલ્લેખ પણ મહાભારતમાં જોવામાં આવે છે. આ લેખમાંના લખાણના જેવી જ સમગ્ર સમાજ વ્યવસ્થા હતી તે ભદ્દું જ હતું તેવું કહેવું નથી, પણ તે સમયે આવું પણ હશે તે કહેવાનો આશય છે. આ લેખમાં ફક્ત અને ફક્ત મહાભારત રૂપી દર્પણમાં જે નજરે ચડ્યું તેનું જ નિરુપણ કર્યું છે.

કોઇ પણ લખાણમાં પુનરાવર્તન ઇચ્છનીય નથી તે છતાં જુદા જુદા વિષય સાથે સંકળાયેલા પ્રસંગો અને સંદર્ભો લક્ષમાં લેતા જે તે મુદ્દાને ન્યાય આપવા તેટલા પૂરતું પુનરાવર્તન જરૂરી હોવાથી તે ટાળી શકાતું નથી.

● **સમાજ વ્યવસ્થા**

મહાભારત કાળ અને તે પહેલાં સમાજ ચાર વર્ણોમાં વહેંચાયેલો હતો. બ્રાહ્મણો, ક્ષત્રિયો, વૈશ્યો અને શુદ્રો.

સમાજ ચાર વર્ણોમાં વહેંચોયેલો હોવા છતાં - ક્રોધ ન કરવો, સત્યભાષણ, અતિથિ આદિનો અન્નભાગ આપવો, ક્ષમા, બાહ્ય પવિત્રતા, સરળતા, પોષ્યવર્ગનું પોષણ, પોતાની પત્ની વિશે પ્રજોત્પતિ અને દ્રોહ ન કરવો આ નવ સર્વ લોકો માટેના સાધારણ ધર્મો (કર્મો) હતા.

● **બ્રાહ્મણો**

બાહ્મણોનાં કર્તવ્યોમાં વેદાભ્યાસ કરવો, યત્ર કરવા અને કરાવવા તેમજ ધાર્મિક કર્મો (ક્રિયાકાંડો) કરવાં અને શિક્ષણ આપવું તે મુખ્ય કર્તવ્યો હતા. ઇન્દ્રિયોનું દમન અને સ્વાધ્યાયનો અભ્યાસ એ બ્રાહ્મણોના સનાતન ધર્મો હતા. તે ઉપરાંત દાન આપવું, યજ્ઞો કરવા અને મળેલા ધનમાંથી પાત્રપુરુષોને વિભાગ આપી દીધા પછી તેનો ઉપભોગ કરવો અને વેદનો સ્વાધ્યાય એ પણ બ્રાહ્મણના ધર્મો ગણાતા. બ્રાહ્મણ સિવાયના અન્ય ત્રણ વર્ગોને સંન્યાસ લેવાનો અધિકાર ન હતો. બ્રાહ્મણો બ્રહ્મચર્યાશ્રમ ધારણ કર્યા પછી તુરંત સંન્યાસ લઇ શકતા હતા. અનેક બ્રાહ્મણો તપશ્ચર્યામાં પણ જીવન ગાળતા અને અરણ્યો કે પર્વતોમાં નિવાસ કરતા. તે સમયે ઋષિમુનિઓ પણ ગૃહસ્થાશ્રમી હતા અને તેઓનો પરિવાર પણ હતો. મોટે ભાગે બ્રાહ્મણો પર આધારતિ અને તેઓના રાજયાશ્રય પણ મળતો. બ્રાહ્મણોમાં સ્વેચ્છાએ નિર્ધનતા સ્વીકારેલી હોય તેવા અનેક ઋષિ-મહર્ષિઓ હતા.

તે સમયે બ્રહ્મબળને રાજબળ કરતાં અધિક માનવામાં આવતું હતું અને તે હકીકત હતી. બ્રાહ્મણ જે રસ્તા પર જઇ રહ્યો હોય તેની સામે રાજા પણ આવે તો તેણે બ્રાહ્મણને માર્ગ આપવો પડતો હતો. કલ્માષપાદ નામના રાજાએ વસિષ્ઠના મોટા પુત્ર શક્તિમુનિને માર્ગ ન આપીને કોરડા મારતાં તેણે તેઓના શાપનો ભોગ બની નરભક્ષી રાક્ષસ બનવું પડ્યું હતું. દરેક રાજયમાં રાજાના કુલગુરુ અને પુરોહિતપદે બ્રાહ્મણો હતા. બ્રાહ્મણો તેઓના યજમાનોનાં બાળકોનાં જાતકકર્મો કરી આપતા હતા. બ્રાહ્મણોને પણ એક અથવા અનેક પત્નીઓ હોવી તે સામાન્ય વાત હતી. વળી તીવ્ર વ્રતધારી બ્રાહ્મણો તપશ્ચર્યાથી અનેક સિદ્ધિઓ અને બળ પ્રાપ્ત કરતા. તે સમયની વર્ણવ્યવસ્થામાં બ્રાહ્મણો સર્વોચ્ચ સ્થાને હતા. અન્ય વર્ણના લોકો ક્યારેક સ્વબળે બ્રાહ્મણત્વ મેળવી શકતા નહિ, મતંગ નામનો બ્રાહ્મણ પુત્ર (જો કે તે ચાંડાલ હતો) જેણે બ્રાહ્મણત્વ મેળવવા હજારો સાલ સુધી તપ કર્યું હતું છતાં તે બ્રાહ્મણત્વ પ્રાપ્ત કરી શક્યો ન હતો. મહાભારતમાં ફક્ત બે કિસ્સા જ એવા જોવામાં આવે છે કે, જન્મે અન્ય વર્ણનો હોવા છતાં તેઓએ બ્રાહ્મણત્વ પ્રાપ્ત કર્યું હતું. વિશ્વામિત્રે પોતાના તપ વડે બ્રાહ્મણત્વ મેળવ્યું હતું. જયારે વીતહવ્ય નામના રાજાએ પ્રતર્દન નામનો રાજા મારવા આવેલો ત્યારે વીતહવ્ય ભૃગુ ઋષિના આશ્રમમાં તેઓના શરણે ગયેલો. તે સમયે ભૃગુ ઋષિના વચન માત્રથી વીતહવ્ય બ્રહ્મપણાને પામ્યો હતો.

ધનુષ્યની પણછ ખેંચવી, શત્રુઓનો સંહાર કરવો, ખેતી કરવી, વેપાર કરવો, પશુપાલન કરવું અને ધનને માટે અન્યની સેવા કરવી તે બ્રાહ્મણો માટે અકાર્ય ગણાતા, મર્યાદાલોપ કરનાર, અપવિત્ર, ધર્મ અને આચારને તિલાંજલિ આપનાર બ્રાહ્મણ દેવ અને પિતૃઓ નિમિત્તે ભોજન કે દાન આપવા પાત્ર ગણાતો નહિ.

તે સમયે બ્રાહ્મણો શિક્ષણ આપવાનું કામ પણ કરતા હતા. જયારે તપશ્ચર્યા કરાવા ઇચ્છતા ત્યારે તેઓ વનમાં આશ્રમ બાંધીને વસવાટ કરતા અને શિક્ષણ અને દૈનિક કાર્યો કરતા. તેઓ ગાયો પાળતા. ગાયોનાં દૂધ વેચવામાં આવતું નહીં. વળી જે ગાયોનાં દૂધ પિતા વાછરડાં હોય તે ગાયોને દોહવામાં આવતી નહીં. તે સમયે ગાયોની ગણના ધનમાં થતી હતી. મોટાભાગના બ્રાહ્મણો તપસ્વી હોવાથી તેઓએ સ્વૈચ્છિક નિર્ધનતા સ્વીકારી હતી તેવું જોવામાં આવે છે. તેનું કારણ તે જણાય છે કે તે સમયની તેઓની ભૌતિક જરૂરિયાતોમાંથી એક એટલે કે ખોરાકની વનમાં કમી ન હતી. વનમાં ફળફૂલ અને કંદમૂળોની વ્યાપક પ્રમાણમાં ઉપલબ્ધિ હતી. વળી તેઓ શિષ્યો પાસે જઇને ધનની કે જરૂરી વસ્તુની માગણી કરતા અને રાજા તેઓની ઇચ્છાની પૂર્તિ કરતો. એક રીતે રાજાઓ અંદરથી બ્રાહ્મણોથી ડરતા રહેતા હતા. તે સમયે ગુસ્સે થયેલો બ્રાહ્મણ અગ્નિ સમાન ગણાતો અને જે કોઇ રાજા પર ગુસ્સે થાય તે રાજાનો તપોબળ કે શસ્ત્રબળ વડે નાશ કરી નાખતો. અપમાનિત થયેલો બ્રાહ્મણ શાપ આપીને અથવા અન્ય રીતે રાજાને નિર્મૂળ કરતો, દ્રોણનું અશ્વત્થામાને દૂધ ન પીવડાવવી શકવું અને અન્ય બાળકો તેને પાણીમાં લોટ નાખીને દૂધ છે તેમ કહેતા ત્યારે અશ્વસ્થામાં તે દૂધ સમજીને પી જતો તેથી અન્ય છોકરાઓ તેની હાંસી કરતા. તેથી મિત્રતા નાતે દ્રોણ દ્રુપદ પાસે મદદ માટે ગયા હતા અને દ્રુપદે મદદ તો ન કરી પણ તેઓનું અપમાન કરેલું. તેથી દ્રોણે તેના શિષ્યો એવા પાંડવો અને કૌરવો દ્વારા તેને હરાવીને તેનું અડધું રાજય હાંસલ કર્યું હતું. જો રાજાને પોતાની ભૂલ બદલ અથવા તો બ્રાહ્મણ દ્વારા મળી રહેલી શિક્ષા બદલ પસ્તાવો થાય અને તે માફી માગી લે અને માફી આપવા વિનવે તો ઉદારતા બતાવી જે તે બ્રાહ્મણો રાજાને થોડી ઘણી શિક્ષા કરી માફ પણ કરી દેતાં.

(ક્રમશઃ)